# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,

જિલ્લા સેવા સદન-૨, પ્રથમ માળ,

જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર ફોન/ફેક્સ નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫

E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in

નં:સકઅ/સ.સા.યો./૨૦૧૯-૨૦/૧૪૩૭ તા:૧૯/૦૭/૨૦૧૯

**સમયમર્યાદા**

**<u>પરિપત્ર</u>**

બનાસકાંઠા જિલ્લામાં ચાલતી તમામ ગ્રાન્ટેડ તથા સરકારી માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, તા:૧૯/૦૭/૨૦૧૯ ના રોજ મળેલ વિડીયો કોન્ફરન્સમાં માન. નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર એ આપેલ સૂચના અનુસાર ધોરણ-૯ માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગની વિધાર્થીનીઓને "સરસ્વતી સાધના યોજના હેઠળ" મળવાપાત્ર સાયકલોની દરખાસ્ત અત્રેની કચેરીના પરિપત્ર નં:સકઅ/સ.સા.યો./૨૦૧૯-૨૦/૧૧૫૪ તા:૨૫/૦૬/૨૦૧૯થી ઓનલાઈન મોકલી આપવા જણાવવામાં આવેલ છે તે મુજબ દરખાસ્ત ઓનલાઈન મોકલવાની જ છે પરંતુ હાલમાં શૈક્ષણિક સત્ર શરૂ થયેલ હોઈ વિદ્યાર્થીનીઓને સમયસર સાયકલ મળી રહે અને વિદ્યાર્થીનીઓને શાળાએ આવવા-જવામાં મુશ્કેલી ન પડે તે હેતુસર સાયકલની ઓફલાઈન દરખાસ્ત પણ મોડામાં મોડી તા:૨૪/૦૭/૨૦૧૯ ના રોજ મુદ્દામ માણસ સાથે અત્રેની કચેરીએ મોકલી આપવી તેમજ ઓનલાઈન દરખાસ્ત આપની કક્ષાએથી વિગતવાર માહિતી સાથે તા:૩૧/૦૭/૨૦૧૯ સુધીમાં મોકલી આપવાની રહેશે. જો આપની શાળાની દરખાસ્તો નિયત સમયમર્યાદામાં નહીં મળે અને પાત્રતા ધરાવતી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયના લાભથી વંચિત રહી જવા પામશે તો તે અંગેની સઘળી જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે.

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા.) બનાસકાંઠા, પાલનપુર

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા , પાલનપુર

પ્રતિ,

**આચાર્યશ્રી,**

.................................................

મું.....................તા............... જિ.બનાસકાંઠા.

નકલ સવિનય રવાના: નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા., ગાંધીનગર.

Scanned by CamScanner